# ભાવનગર જિલ્લો




- ભાવનગર રાજ્યની સ્થાપના ઈ.સ.૧૭૪૩ વૈશાખ સુદ-૩ ના રોજ વડવા ગામ નજીક મહારાજા ભાવસિંહજીએ કરી હતી.
- ભાવનગર જીલ્લાની આજુબાજુ ઉત્તરે બોટાદ,અમદાવાદ પૂર્વમાં ખંભાતનો અખાત, દક્ષિણે અરબસાગર અને પશ્ચિમમાં અમરેલી જીલ્લાની સરહદો આવેલી છે.
- ક્ષેત્રફળ :- ૬,૫૨૪ ચો.કિ.મી.
- સ્થાપના :- તા. ૧/૫/૧૯૬૦
- વિધાનસભાની કુલ સીટો :- ૯ મહુવા(એસ.ટી), તળાજા, ગારીયાધાર, પાલીતણા, ભાવનગર-ગ્રામ્ય, ભાવનગર-વેસ્ટ, ગઢડા (એસ.સી), બોટાદ}
- વસ્તી :- ૨૮,૭૭,૯૬૧(૨૦૧૧)
- વસ્તી ગીચતા :- ૨૮૭
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગામડાઓ :-૭૮૪
- ગ્રામ પંચાયત :- ૬૫૬
- ડેરી :- દૂધ સરિતા ડેરી, ભાવનગર
- આરટીઓ નં.:- **GJ-04**
- પોસ્ટ પિનકોડ નં. :-
- સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૯૩૩(દર હજારે)
- સાક્ષરતા :- ૭૫.૫૨%
- તાલુકાઓ:- ૧૦ ભાવનગર,વલ્લભીપુર,ઉમરાળા,શિહોર,ઘોઘા,ગારીયાધાર,પાલીતાણા,તળાજા ,મહુવા અને જેસર )

- ❖ તાલુકા પંચાયતની કુલ સીટો :- ૯(બેઠકો-૨૧૦) ( ભાવનગર-૨૦, ઉમરાના-૧૮, વલ્લભીપુર-૧૬,ઘોઘા-૧૮, મહુવા-૩૪,પાલીતાણા-૨૦,ગારીયાધાર-૧૬,તળાજા-૩૨ અને જેસર-૧૬)
- ❖ જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૪૦
- ❖ નગરપાલિકાની સંખ્યા અને વોર્ડ :- ૨ (મહુવા-૯ (૨૮)અને પાલીતણા-૯ (૩૬)
- ❖ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ની કુલ વોર્ડ અને સીટો :- 13 ( બેઠકો-૫૨
- ❖ મુખ્ય મથક : - ભાવનગર
- ❖ હવાઈમથક : - ભાવનગર
- ❖ આરટીઓ નંબર:- **GJ-04**
- ❖ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ :- મેડીકલ,આર્યુવેદ અને હોમિયોપેથીક કોલેજ, સરકારી એન્જીનિયરીંગ કોલેજ, પોલીટેકનીક કોલેજ તથા સર પ્રભાશંકર પટ્ટણી ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ.
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ રાષ્ટ્રીય ધોરી માર્ગ :- નં..-૫૧ પસાર થાય છે.
- ❖ બંદરો :- અલંગ, મહુવા, તળાજા ,ઘોઘા, ભાવનગર, પીપાવાવ
- ❖ દરિયા કિનારો :- ૧૨૦ કિ.મી.
- ❖ પર્વતો:- શેત્રુંજય, તળાજાના ડુંગરો, શિહોરી માતાનો ડુંગર, થાપો, શાંતશેરી, મોરધાર અને મિતિયાળા,લોંગડી
- ❖ અભયારણ્ય :- હાથબ કાચબા ઉછેર કેન્દ્ર , કાળીયાર નેશનલ પાર્ક ,વેળાવદર બ્લેક બક નેશનલ પાર્ક (વલભીપુર)
- ❖ નદીઓ :- શેત્રુજી, ઘેલો નદી, માલણ, બગડ,સુકભાદર,કાળુભાર માલણ અને કેરી
- ❖ જળધોધ :- ત્ર્યંબક ધોધ (ઘોઘા)
- ❖ ગુફાઓ :- તળાજાની ગુફાઓ
- ❖ મ્યુઝિયમ :- બાર્ટન મ્યુઝિયમ (ભાવનગર-1882), ગાંધી સ્મૃતિ મ્યુઝિયમ (ભાવનગર)
- ❖ તળાવ અને સરોવર :- ગૌરીશંકરતળાવ (ભાવનગર), શિહોરતળાવ અને બોર તળાવ (ભાવનગર)
- ❖ સિંચાઈ યોજના :- શેત્રુંજી યોજના (રાજસ્થળી)
- ❖ ડેમ :- રાજપરા ડેમ
- ❖ ડેરી :- દૂધસરીતા
- ❖ મુખ્ય પાકો :- મગફળી, કપાસ,તલ,બાજરી, ડુંગળી, દાડમ, કેળાં, ઘઉં,નારીયેળ, દાડમ અને જામફળ
- ❖ જમીન :- કાળી જમીન
- ❖ ઉદ્યોગો :-અલંગ જહાજ ભાંગવાનો ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, હીરા ઘસવાનો ઉધોગ, ખેતીના ઓજારો, સિમેન્ટ, કાગળ, રબર, વનસ્પતિ ઘી, માટીનાં વાસણો અને મત્સ્ય ઉદ્યોગ
- ❖ ખનીજ : - જીપ્સમ,ડોલોમાઈટ, લિગ્નાઈટ, ચોક, કેલ્સાઈટ,લાઈમસ્ટોન,સિલિકા
- ❖ મેળો :- નકળંગનો મેળો, ગોપનાથ મહાદેવનો મેળો, પાલિતાણા જૈન મેળો
- ❖ કુંડ :- દયાનંદ કુંડ, બ્રહ્મકુંડ (શિહોર)
- ❖ રાજ્યકક્ષાનું વન:- પવન વન (૨૦૧૦, પાલિતાણા)
- ❖ જોવાલાયક સ્થળો :- પાલીતાણાનાં જૈન મંદિરો,ગોપ્રજ મહાદેવનું મંદિર, ખોડીયાર માતાનું મંદિર(રાજપરા),પ્રાચીનવિદ્યાપીઠ(વલ્લભીપુર),‘ તાતણીયોધરો’, બગદાણા, નીલમબાગ પેલેસ,તખ્તેશ્વર મહાદેવનું મંદિર (ભાવનગર),જગદીશ્વરનું મંદિર (ભાવનગર) ,રૂવાપરી માતાનું મંદિર (ભાવનગર), હાથબનો દરિયા કિનારો,ગોમટેશ્વર મહાદેવનું મંદિર
- ❖ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા :-
  - ➢ ગવર્મેન્ટ મેડીકલ કોલેજ , ભાવનગર
  - ➢ મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, ભાવનગર
  - ➢ લોકભારતી વિદ્યાપીઠ, સણોસરા
  - ➢ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટીટયુટ, ભાવનગર
  - ➢ ડ્રાય ફાર્મિંગ સ્ટેશન , વલ્લભીપુર

gnanbhandar.com

- ➢ કેન્દ્રીય ક્ષાર અને સાગર રસાયણ સંશોધનશાળા

<u>વિશેષ નોંધ</u>

- આ જીલ્લાનો મોટો વિસ્તાર અરબ સાગરને કિનારે આવેલો છે.
- ભાવનગર એ ગુજરાતની સાંસ્કૃતિક નગરી તરીકે ઓળખાય છે.
- ભાવનગર એ વિકસિત બંદર અને ઔદ્યોગિક શહેર છે.ભાવનગર બંદર ‘ લોકગેટ’ સિસ્ટમથી કામ કરે છે.
- ઈ.સ. ૧૭૨૩માં વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજના દિવસે મહારાજા ભાવસિંહ ગોહિલે ભાવનગરને નવી રાજધાની તરીકે વસાવી.
- સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન રીસર્ચ ઈન્સ્ટીટયુટ આવેલી છે.
- લાકડાની ખરીદીકામ માટે મહુવાજાણીતું છે.
- મહુવામાં નાળીયેર અને ડુંગળી ઉત્પાદન માટે પણ જાણીતું છે.
- ગુજરાતમાં સૌથી વધુ મંદિરો ધરાવતું શહેર પાલીતણા છે.આથી મંદિરોના નગર તરીકે ઓળખાય છે. પાલિતાણામાં કુલ - ૮૬૩ મંદિરો આવેલા છે.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- પાલીતાણામાં શંત્રુજયપર્વત જૈનોના પહેલા તીર્થંકર આદિનાથ ઋષભદેવ ની જુદી જુદી નવ ટૂકો પર સફેદ આરસના દેરાસરો આવેલા છે.
- ભાવનગરના ગાંઠિયા પ્રચલિત છે.
- ભાવનગર જિલ્લાનું શિહોર તાંબા- પિત્તળના વાસણો તથા તમાકુ માટે જાણીતું શહેર છે.
- ભાવનગર જિલ્લાનું શિહોરમાં નાનાસાહેબ પેશ્વાએ વસવાટ કર્યાનું હોવાનું મનાય છે.
- ભાવનગરમાં શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટ હતા.
- અલંગમાં જહાજ ભાંગવાનો ઉધોગ (વહાણો તોડવાની ગાદી)વિશ્વભરમાં જાણીતો છે.
- ભાવનગરમાં દુર્લભ સિક્કાઓ,ફોટોફ્રેમ્સ, હથિયારો,ભૂસ્તરીય શોધોના નમૂનાઓ જેવી ચીજોનું સંગ્રહ ધરાવતું બેરટોન મ્યુઝીયમ આવેલું છે.
- ગારીયાધાર તાલુકામાં કણબી કોમની મહિલાઓ કણબી ભરતકામ કરે છે.
- વેળાવદરમાં કાળીયાર સૌથી વધુ વસ્તી વેળાવદરમાં છે વિશ્વનો સૌથી મોટો નેશનલ પાર્ક આવેલો છે.
- જુવારનું સૌથી વધુ વાવેતર કરતો જિલ્લો ભાવનગર છે.
- બગદાણા સંતશ્રી બજરંગદાસ બાપાનો આશ્રમ આવેલો છે. તથા બગડેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર પણ અહિ આવેલ છે.
- ગોપનાથમાં ગોપનાથનું શિવલિંગ આવેલું છે જ્યાં નરસિંહ મહેતાએ શિવ આરાધના કરતાં ભગવાન શિવે કૃષ્ણલીલાના દર્શન કરાવ્યા હતા.
- ભાવનગર જિલ્લાના શિહોરના રાજપરા ખાતે ખોડિયાર માતાજીનાં મંદિર ખાતે તાંતણિયાનો ધારો આવેલો છે.
- તલગાજરડા કથાકાર મોરારીબાપુનું જન્મસ્થળ છે.
- મહુવા એ ‘ સૌરાષ્ટ્રના કાશ્મીર’ તરીકે જાણીતું છે. લાકડાના રમકડા તથા લાકડાની કોતરણી તથા હાથીના દાંતની બનાવટો માટે જાણીતું છે.
- મહુવા પ્રાચીન સમયમાં મધુપુરી નામે ઓળખાતું હતું. મહુવા તાલુકાનાં અનાવલ ગામમાં આવેલ શુકલેશ્વર મહાદેવના મંદિરે શ્રવણ માસના છેલ્લા સોમવારે મોક્ષમાર્ગીનો મેળો ભરાય છે.
- મજાદર એ દુલાભાયા કાગનું ગામ છે.
- તળાજા ગુજરાતી કવિ નરસિંહ મહેતાનું જન્મસ્થળ છે. અહિના ડુંગરો પર મૌર્ય કાળની બૌદ્ધ ગુફાઓ આવેલી છે.
- ગાંધીજીએ ભાવનગરની શામળદાસ કોલેજમાં અભ્યાસ કર્યો છે.

gnanbhandar.com

- ભાવનગર દાડમ , 'ગાંઠીયા' અને ' પટારા' માટે જાણીતું છે.
- વિશ્વમાં કાળિયારનો સૌથી મોટો નેશનલ પાર્ક વલ્લભીપુરમાં આવેલો છે.
- આ જિલ્લામાં સૌથી વધુ યુકેલિપ્ટસ( નીલગિરી)ના વૃક્ષો હોવાથી તે યુકેલિપ્ટસ જીલ્લો કહેવાય છે.
- ગુજરાતમાં ભાવનગરનું રેલ્વે સ્ટેશન એકમાત્ર એવું છે કે , જ્યાં મહિલાઓ કૂલી તરીકે કામ કરે છે.
- ભાવનગરના મહારાજા તખતસિંહજીએ ભાવનગર- વઢવાણ રેલવે લાઇનને ડિસેમ્બર-1880માં મંજૂરી આપી હતી.
- શિહોર શહેરમાં પોલાદ રોલીન્ગની મિલો આવેલી છે.
- ખડમોર નામનું પક્ષી ગુજરાતનાં વેળાવદર કાળિયાર નેશનલ પાર્કમાં જોવા મળે છે જે ભાવનગર જિલ્લાના વલભીપુર ખાતે આવેલ છે.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ભાવનગરની વિશિષ્ઠ શિક્ષણસંસ્થા ' દક્ષિણામૂર્તિ' જે ગિજુભાઈ બધેકાએ સ્થાપના કરી હતી.દક્ષિણામૂર્તિ સંસ્થાના અન્ય સભ્યોમાં નાનાભાઇ ભટ્ટ અને હરભાઈ ત્રિવેદી હતા.
- પાલિતાણાને ' મંદિરોનું શહેર' તરીકે ઓળખાય છે આ ઉપરાંત ' મૃતકોનું પિયર' પણ કહેવામાં આવે છે.
- ભાવનગર જીલ્લામાં સણોસરા ખાતે લોકભારતી સંસ્થાના સ્થાપક નાનાભાઈ ભટ્ટ હતા.
- ભાવનગર જિલ્લાનો ઘેલો અને શેત્રુજી નદી વચ્ચેનો પ્રદેશ ગોહિલવાડ પ્રદેશ તરીકે જાણીતો છે.
- ભાવનગર જીલ્લામાં આવેલ શામળદાસ કોલેજની સ્થાપના ૧૮૮૫માં મહારાજા તખ્તસિંહજીને કરી હતી. આ કોલેજમાં ગાંધીજીએ જાન્યુઆરી ૧૮૮૮ થી જૂન ૧૮૮૮ દરમ્યાન અભ્યાસ કર્યો હતો.
- ભાવનગરનો તાતણીયા ધરામાં દુષ્કાળમાં પણ પાણી ખૂટતું નથી.
- ઈ.સ. 1882માં ભાવનગર પાસે થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થઈ હતી.
- કાઠીયાવાડના ગાંધી તરીકે જાણીતા શંભૂભાઈ ત્રિવેદીએ પાલિતાણા રાજ્ય સામેની મહેસૂલ વધારાની ચળવળની આગેવાની લીધી હતી.
- મહુવા શહેરની જમાદાર કેરી પ્રખ્યાત છે.
- ભાવનગર લૉકેટક ધરાવતું બંદર છે.
- ભાવનગર રાજપરા ખોડિયાર માતાજીનું મંદિર પાસે તાતણિયો ધરો આવેલો છે. જેમાં દુષ્કાળના સમયમાં પણ કદી પાણી ખૂટયું નથી.
- ગુજરાતમાં ડુંગળીનું સૌથી વધુ વાવેતર અને ઉત્પાદન કરતો જિલ્લો છે.
- કોળીયાક ખાતે પાંચ પાંડવોએ સ્થાપેલું નિષ્કલંક મહાદેવનું મંદિર આવેલું છે.
- નરસિંહ મહેતાએ શિવની પૂજા કરી હોય તેવું સ્થળ ગોપનાથ આ જીલ્લામાં આવેલ છે.
- વત્સરાજ સોલંકી ( વાછરા સોલંકી)નો પાળિયો કોલધામ ખાતે આવેલો છે.
- પીરમબેટ ખાતે ભેમો ખડાજી ગોહિલનો પાળિયો આવેલો છે.
- શિહોર ખાતે નાનાસાહેબની સમાધિ આવેલ છે.
- 1902માં ભાવસિંહજી ગોહીલ-2 એ ભાવનગર દરબાર સેવિગ્સ બેન્કની સ્થાપના કરી હતી જે 2008માં SBIમાં વિલીનીકરણ કરવામાં આવ્યું હતું.
- પાલિતાણાના શેત્રુંજય પર્વત પર ઢેબરા તેરસનો મેળો ભરાય છે.
- ભાવનગરના કિનારે પીરમ, માલબેન્ક , સુલતાપુર અને જેગરી બેટ આવેલા છે.
- નીલમબાગ પેલેસ ભાવનગરના ગોહિલ વંશના રાજવી દ્વારા ૧૮૫૯માં બાંધવામાં આવેલો છે. તેમના સ્થપતિ જર્મન આર્કિટેક સીમસન હતા. વર્ષ ૧૯૮૪માં હેરિટેજ હોટલમાં ફેરવવામાં આવ્યું છે.
- જેગરી બેટ માલબેંક બેટ ભાવનગર જિલ્લાના દરિયાકિનારે આવેલો છે.



gnanbhandar.com

- ભાવનગર જિલ્લાના કોળીયાક ખાતે ભાદરવી અમાસના દિવસે દરિયાકિનારે નકળંગમહાદેવના મંદિરે આ મેળો ભરાય છે. આ સ્થળ મહાભારત કથાના પાંડવો સાથે પૌરાણિક રીતે સંકળાયેલ છે.
- ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલું પાદરી ગામ સિંધુ ખીણની સંસ્કૃતિનું પુરાતત્વીય સ્થળ છે. પાદરી ગામ મીઠાના ઉત્પાદન માટે પણ જાણીતું છે.
- ભાવનગર જિલ્લાના હાથબ ખાતે કાચબા ઉછેર કેન્દ્ર આવેલું છે.
- વિશ્વની પ્રથમ CNG ટર્મિનલ બંદર – ભાવનગર
- ગુજરાતની કન્યા શાળા શાળાકીય વેબપોર્ટલ ધરાવનારી પ્રથમ શાળા- કરદેજ (ભાવનગર)
- ભાવનગર જિલ્લો' યુકેલિપ્ટસ ડિસ્ટ્રીકટ' (નિલગિરી જિલ્લો) તરીકે ઓળખાય છે.

- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ તલગાજરડા પૂજ્ય સંત મોરારીબાપુનું જન્મસ્થળ છે.
- પીપાવાવ બંદર ભાવનગર રાજ્યના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના શાસન દરમિયાન ઈજનેર સિમ્સે ઝોલાપૂરી નદીના કિનારે બનાવ્યું હતું, જે ઈ.સ. 1892માં ઈંગ્લેન્ડના પાટવીકુંવર પ્રિન્સ આલ્બર્ટ વિકટરના હસ્તે ખુલ્લુ મૂકવામાં આવ્યું આથી તેનું નામ ' પોર્ટ આલ્બર્ટ વિકટર' આપવામાં આવ્યું. ત્યારબાદ નિખિલ ગાંધી દ્વારા આ પોર્ટનો વિકાસ કરવાનું આયોજન થયું અને સંત પિપાના નામ પરથી પીપાવાવ શબ્દ ઉમેરીને ' ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ' નામ આપવામાં આવ્યું. જે ૧૯૯૮માં સમગ્ર દેશનું પ્રથમ ખાનગી ધોરણે ચાલતું બંદર બન્યું. આ બંદરના વિકાસ માટે સિંગાપુર પોર્ટ ઓથોરીટી સાથે સમજૂતી કરાર થયા છે.
- ગુજરાતના શિક્ષણવિદ્ અને સાહિત્યકાર નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ ભટ્ટ)નો જન્મ ૧૧ નવેમ્બર ૧૮૮૨ના રોજ ભાવનગર જિલ્લાના વલભીપુર તાલુકાના ભાલ વિસ્તારના પચ્છેગામમાં થયો હતો. તેમણે ૧૯૧૦માં ' દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' નામનાઈ સંસ્થાની સ્થાપના કરી હતી.
- ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં બગદાણામાં બજરંગદાસ બાપાનું મંદિર આવેલું છે. તેઓ બજરંગદાસ બાપા, બાપા સીતારામ અથવા માત્ર બાપા તરીકે પણ ઓળખાય છે.
- ખોડિયાર માતાજી મંદિર ભારતનું સુપ્રસિદ્ધ મંદિર જે ભાવનગર જિલ્લાના રાજપરામાં આવેલું છે. રાજપરાનું આ ખોડિયાર મંદિર સૌ પ્રથમ આતાભાઈ ગોહિલે બંધાવ્યુ હતું. ત્યાર બાદ ઈ.સ.૧૯૧૪ની આસપાસ ભાવનગરનાં રાજવી ભાવસિંહજી ગોહિલે આ મંદિરનું સમારકામ કર્યું હતું. . આ મંદિરની સામે જ પાણીનો ધરો આવેલો છે. જે તાંતણીયા ધરા તરીકે પ્રખ્યાત છે.

gnanbhandar.com